# ધિરાણ શિસ્તનું પાલન કરો.

નાણાકીય સાક્ષરતા સપ્તાહ
૫ થી ૯ જૂન ૨૦૧૭

**સમજણપૂર્વક લોન લેવી**

ક્માણી કરાવી શકે અને મૂલ્યમાં વૃધ્ધિ થાય તેવી મિલકતો વસાવવા માટે તમારી પરત ચુકવણીની ક્ષમતા મુજબ સમજણપૂર્વક ધિરાણ લો. ઉમદા ધિરાણના ઉદાહરણો

- ઘર ખરીદવા માટે મોર્ગેજ લોન
- બાળકોના ઉચ્ચ અભ્યાસ માટે શૈક્ષણિક લોન. વિધાલક્ષ્મી પોર્ટલ પર ઓનલાઇન અરજી કરો **(https://www.vidyalakshmi.co.in)**
- તમારા ધંધાકીય સ્વપ્ન સાકાર કરવા સૂક્ષ્મ અને લઘુ ઉધમ લોન. તેના માટે ઉધમી મિત્ર પોર્ટલ જુઓ. **(https://www.udyamimitra.in)**



**ધિરાણ લીધા બાદ..**

- પરત ચુકવણીનો એક પણ હપ્તો ન ચુકો.
- પરત ચુકવણીમાં વિલંબની તમારા ધિરાણ ઈતિહાસ/ક્રેડિટ સ્કોર એટલે કે ઋણાંક પર વિપરિત અસર પડે છે.
- જો વિલંબ થાય એમ હોય તો તમારા બેંકરને અગાઉથી જાણ કરો.
- ધિરાણ સમયસર ચુકવો તેનાથી તમારો ધિરાણ ઈતિહાસ સારો બને છે.

## ક્રેડિટ સ્કોર (ઋણાંક)

તમારા ધિરાણ ઈતિહાસ અને બીજા સંબંધિત પરિબળોના આધારે તમને ક્રેડિટ સ્કોર એટલે કે ઋણાંક મળે છે. આંક જેટલો ઊંચો તેટલી તમારી ધિરાણપાત્રતા વધુ અને ધિરાણ મેળવવાની તક વધારે.




## મફત ક્રેડિટ રીપોર્ટ

ધિરાણ ઈતિહાસ ધરાવનાર વ્યક્તિ ચાર ધિરાણ માહિતી કંપનીઓ જેવી કે ૧. ટ્રાંસયુનિયન ક્રેડિટ ઇન્ફર્મેશન બ્યુરો (ઇંડિયા) લિમિટેડ ૨. ઇક્વિફેક્સ ક્રેડિટ ઇન્ફર્મેશન સર્વિસિસ પ્રાઇવેટ લિમિટેડ ૩. એક્સપેરિઅન ક્રેડિટ ઇન્ફર્મેશન કંપની ઓફ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ ૪. **CRIF** હાઇ માર્ક ક્રેડિટ ઇન્ફર્મેશન સર્વિસિસ પ્રાઇવેટ લિમિટેડ પૈકી કોઇપણ એક પાસેથી વર્ષ(જાન્યુઆરી-ડીસેમ્બર)માં એક વખત ઋણાંક સહિતનો પુરો ક્રેડિટ રીપોર્ટ વિના મૂલ્યે મેળવી શકે છે.

Design: Anupam Sharma01/17-03

**નાણાકીય સાક્ષરતા • સમૃધ્ધિનો માર્ગ**

**ECD**

**નાણાકીય સમાવેશન અને વિકાસ વિભાગ**
**ભારતીય રિઝર્વ બેંક**

www.rbi.org.in